સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

અંધકાર ભર્યા ભાવિની કોર ખોદી નાખી
વૈધાનિક વર્તણૂકની તોર ખોદી નાખી
ફોર ફૂંકી નાખી આજ સુધીના સભ્યોની -
શિસ્ત અને સંયમની તો ઘોર ખોદી નાખી

હાઈકુ

નમે શર્મથી
નાલાયક સભ્યોથી -
પ્રજા મસ્તક !

'પદ' ગૌરવ
સાચવવું છે સૌની
જવાબદારી...

ચિંતન

જ્ઞાની જ્ઞાતા બહુત મિલે, પંડિત કવિ અનેક
'રામ રત્ન' ઇન્દ્રીજીતા, કોટી મધ્યે એક

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આ સાખી દ્વારા કબીર કહે છે કે આ વિશ્વમાં જ્ઞાનીઓ, જ્ઞાતા એટલે જાણકારો, પંડિતો અને કવિઓ તો અનેક મળ્યા, પણ પોતાની ઈન્દ્રિયોને વશમાં રાખી મનને જીતનાર તો કરોડોમાં એકાદ જ મલે છે અને કબીર એવી વ્યક્તિને જ 'રામરત્ન' નો ઈલ્કાબ આપવાની ભાવના ધરાવે છે.

આજ તો સાધુ-સંત-બાપુઓ વિદ્વાન-જ્ઞાની-પંડિત - હોવા છતાં વ્યસન વાસનાથી અલિપ્ત રહી નથી શકતા - અને લપસણી માયાવી ભૂમિકા પર લપસી પડે છે.

જે માનવી ઈન્દ્રી પર સંયમ રાખી શકે તે સાચો 'રામરત્ન' છે.

સુવિચાર

- આપણું હાસ્ય આપણી હયાતીની નિશાની છે, આખી જિંદગી 'હયાત' રહેતા બહુ ઓછાને આવડતું હોય છે - **અવની રાવલ**
- નમ્રતા વિશાળ છે એટલે જ પહોંચે છે બધા સુધી, વર્તુળમાં તો માત્ર હોય છે સીમા અભિમાનની - **શાહબુદ્દિન રાઠોડ**
- સમાજમાં લોકો તમારા સદ્‌ગુણોનો સંગ્રહ કહે છે અને અવગુણોનો પ્રચાર - **એસ. ભટ્ટાચાર્ય**
- આકર્ષણ તો ઘણી જગ્યાએ થઈ શકે પણ સમર્પણતા કોઈ ખાસ જગ્યાએ જ થાય - **સુરેશ દલાલ**
- અજ્ઞાની દરેક વ્યક્તિ હોય છે, માત્ર વિષય અલગ અલગ હોય છે - **ફાધર વાલેસ**
- 'સંબંધ' એટલે દુઃખમાં અકબંધ અને સુખમાં નિબંધ - **હંસલ ભચેચ**
- આજનું ઔષધ : જવના લોટને નારીયેળના તાજા દૂધમાં ભેળવી ૩૦ મિનિટ ફ્રીઝમાં મૂકી ફેસ પર લગાડવાથી ત્વચા ચમકીલી સુંવાળી થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

સંગીતકાર ગાલ્ફર્ડ પાસે એમની એક શિષ્યા પોતાના મનની વ્યથા કહેવા ગઈ કે કુરુપ હોવાને કારણે સ્ટેજ પર જતાં જ તે વિચારવા લાગે છે કે બીજી એનાથી દેખાવડી સ્વરુપવાન ગાયક છોકરીઓની સરખામણીમાં દર્શકો તને પસંદ નહિ કરે અને તેની મજાક ઉડાવશે. આવો વિચાર આવતા જ તે ગભરાઈ જાય છે અને સરસ રીતે તૈયાર કરેલું ગીત તે ગાઈ શકતી નથી.

ઘરે જયારે પ્રેક્ટીસ કરે ત્યારે મા-બાપ, ભાઈ-બહેન સૌ તેના ગાયનની પ્રશંસા કરે છે પરંતુ સ્ટેજ પર જતા જ તેનું ટેલેન્ટ અદૃશ્ય થઈ જાય છે અને હતપ્રભ થઈને આત્મવિશ્વાસ ગુમાવી બેસે છે.

ગાલ્ફર્ડે તેને સલાહ આપી કે તેણે એક મોટા દર્પણની સામે ઊભા રહીને પોતાનો ચહેરો જોઈને ગાવાની સલાહ આપી અને કહ્યું, 'હકીકતમાં તું કુરુપ નથી, જેવું તું વિચારી રહી. વળી, સ્વરની મધુરતા અને કુરુપતા ને કોઈ ખાસ સંબંધ નથી. જયારે તે ગીતના ભાવને અનુરુપ ભાવવિભોર થઈને ગાશે ત્યારે સૌ પ્રેક્ષકો તેના ગાયનને જ સાંભળશે, ત્યારે કોઈનું ગાનારના ચહેરા ઉપર ધ્યાન નહીં હોય... ગાલ્ફર્ડે કહ્યું, 'તમારા મનમાંથી હીનતાની ભાવના કાઢી નાખો, સુંદરતાના અભાવ વિશે ન વિચારો પરંતુ સ્વરની મધુરતા અને ભાવવિભોર થવાની મુદ્રાથી ઉત્પન્ન આકર્ષણ પર વિચાર કરવો અને આત્મવિશ્વાસથી ગાવું.'

શિષ્યાએ એવું જ કર્યું એન નવા ઉત્સાહ સાથે સંગીતમાં આગળ વધી ખૂબ પ્રગતિ કરી ફ્રાંસની પ્રખ્યાત ગાયિકા જેવી પ્રુસ તરીકે પ્રખ્યાત થઈ.

પુનરાગમનનો પુરુષાર્થ

તંત્રીસ્થાનેથી...

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અને સર્વોચ્ચ નેતા સોનિયા ગાંધીએ પાર્ટીના રાષ્ટ્રીય અધિવેશનમાં દેશભરમાંથી ભેગા થયેલા કાર્યકરોને આગામી સમયમાં આવી પડનારા પડકારો ઝીલવા અને પ્રજાની અપેક્ષાઓ મુજબ કામે લાગી જવા ઉત્સાહપ્રેરક ભાષણો કરીને નવજીવન અને સત્તામાં પુનરાગમનને સંદેશ આપ્યો છે કોંગ્રેસને જડમૂળથી ઉખાડી નાખવાની ભીષ્મ પ્રતિજ્ઞા સાથે વડાપ્રધાનપદ સંભાળનારા નરેન્દ્ર મોદીની પોકળ ગુલબાંગો અને પ્રજાને આપેલ ભરમાવનારાં તેમજ કયારેય પૂરાં નહીં થયેલ વચનો સામે ભારે આક્રોશ વ્યક્ત કરી મા દીકરાએ કોંગ્રેસ પ્રજાના દિલમાં વસી હોવાનો સધિયારો આપ્યો હતો. કોંગ્રેસ પ્રજાના દિલમાં વસી છે એની પ્રતીતિ છેલ્લા મહિનાઓ દરમિયાન રાજસ્થાન, મધ્યપ્રદેશ અને અન્ય રાજયોમાં થયેલ પેટાચૂંટણીઓ તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનાં પરિણામોથી જરૂર થઈ છે. એ સાચું કે સોનિયા અને રાહુલની કોંગ્રેસ એ મહાત્મા ગાંધી અને સરદાર પટેલ કે પંડિત નહેરુની કોંગ્રેસ નથી રહી. એના સ્વરુપથી લઈ કાર્યશૈલી સુધી દરેક બાબતોમાં એ નખશિખ બદલાઈ ચૂકી છે. એના આદર્શો અને સિદ્ધાંતો વેરવિખેર થઈ ગયા છે. યેનકેનપ્રકારેણ ચૂંટણી જીતવી અને સત્તા ટકાવી રાખવી અથવા ગુમાવેલી સત્તા મેળવવી એ જ કોંગ્રેસનું એક માત્ર લક્ષ્ય રહ્યું ચે. એસાચું કે આ લક્ષ્ય હાંસલ કરવા એ નીચલા થરના દલિત-શોષિત-વંચિત વર્ગોનાં હિતોની વાત અને વકીલાત કરતી રહી છે. લઘુમતી વર્ગને પણ હરહંમેશ કોંગ્રેસના રાજમાં જ પોતાની સલામતી વપરાઈ છે. લઘુમતી, ઓબીસી, આદિવાસી અને અનુસૂચિત જાતિ અક્ષરસઃ કોંગ્રેસની જ વોટબેંક ગણાતાં એ સમય જો કે ઘણાં વર્ષોથી રહ્યો નથી. ઉત્તર ભારતમાં અને સવિશેષ હિંદી બેલ્ટમાં કોંગ્રેસને સૌથી મોટો ફટકો પડ્યો છે. ઉત્તરપ્રદેશ તો પંડિત નહેરુ અને ઈંદિરા ગાંધીનો ગઢ ગણાતું રાજય હતું. બિહારમાં પણ કોંગ્રેસનું પ્રચંડ વર્ચસ્વ હતું. ઈંદિરા ગાંધીએ લાદેલી કટોકટી પછી સમીકરણો બદલાયાં. ખુદ ઈંદિરા ગાંધીને રાજનારાયણ જેવા ઓછા જાણીતા અને હરહંમેશ મજાકિયા મૂડમાં રહેતા ગામડિયા આગેવાને હરાવ્યા હતા. એ પછી અલબત્ત જયપ્રકાશ નારાયણના નેતૃત્વ હેઠળ ભેગાં થયેલા અલગ અલગ વિચારસરણી ધરાવતાં પરિબળો બહુ જ ઓછા સમયમાં વેરવિખેર થઈ ગયાં હતા અને ઈંદિરા ગાંધીએ 'ગ્રાન્ડ' કમબેક' કર્યું હતું. કર્ણાટકની ચિકમંગલૂર બેઠક પરથી વિજય બનીને ઈંદિરા ગાંધીએ એમનું ગુમાવેલું વજૂદ પુનઃ પ્રાપ્ત કરવાના શ્રીગણેશ કરેલા એ ઘટનાનું સ્મરણ સોનિયા ગાંધીએ અધિવેશનમાં કરીને કર્ણાટકની આગામી વિધાનસભાની ચૂંટણી નિર્ણાયક બની રહેશે એવો સધિયારો આપ્યો છે. પરંતુ શું કર્ણાટકમાં સત્તા ટકાવી રાખવામાં કોંગ્રેસ સફળ થશે ? સિદ્ધરામૈયા સરકાર સામે યેદીયુરપ્પા બ્રાન્ડ જાતિવાદી રાજકારણનો પડકાર નાનો સૂનો નથી. મોદીનાં ખરાં ખોટાં વચનો કે જેને 'અગસ્ત્ય ઋષિના વાયદા' સાથે સરખાવી શકાય, તે હજી પણ લોકોને આકર્ષી શકે છે તે પણ ન ભૂલવું જોઈએ. કોંગ્રેસ જો માત્ર રાહુલ અને સોનિયા ગાંધીના જોરે તરી જવા માગતી હોય તો તે સહેલું તો નથી જ. પરંતુ એક હારી-થાકીને લોથ બની ગયેલી રાષ્ટ્રીય પાર્ટી માટે આ પ્રકારનું પ્રોત્સાહક જોમ જરૂરી હતું. રાહુલ ગાંધી ઉત્તરપ્રદેશ કે બિહારમાં કશું ઉકાળી શક્યા નહીં પરંતુ ગુજરાતની વિધાનસભાએ એમને રાષ્ટ્રીય નેતા તરીકે જરૂર સ્થાપ્યા છે.

ડોકટરની બેદરકારી બદલ દર્દી કે તેમના સગા વળતર મેળવી શકે છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ડોકટર અને દર્દીનો સબંધ ભારતમાં ભગવાન અને ભક્ત જેવો છે. દર્દી હંમેશા ડોકટરમાં ભગવાનનું સ્વરૂપ જોતો આવ્યો છે. National Health Service જેવી સંસ્થાઓ ઇંગ્લેન્ડની જેમ ભારતમાં અસ્તીત્વમાં નથી. દર્દી અને ડોકટર વચ્ચેનો સબંધ કરાર આધારીત હોય છે. ડોકટર દર્દીને સાજા કરવાનું વચન આપે છે બદલામાં દર્દી ડોકટરનું જરૂરી મહેનતાણું આપવા બંધાયેલો છે પરંતુ ડોકટરની બેદરકારીના કારણે દર્દી અગર તો મહિલા તથા બાળકનું અથવા બે માંથી એકનું મોત નિપજે અને ડોકટરની કે તેમના ટ્રેઈન સ્ટાફની ગંભીર બેદરકારી સામે આવે તો દર્દી અગર તો તેના સગા ડોકટર પાસેથી કન્ઝયુમર પ્રોટકશન એકટ ૧૯૮૬ ની કલમ ૨(૧)(ડી)(૨), ૧૨(એ) અને ૧૪(૧)(ડી) મુજબ વળતર મેળવવા હક્કદાર બને છે.

મનુષ્ય માત્ર ભુલને પાત્ર પરંતુ અમુક એકસપર્ટની ગંભીર ભુલ, બેદરકારી કે બે જવાબદારી ભરી ભુલ માફ ના કરી શકાય જયારે દર્દીનું સંપૂર્ણ જીવન અને ભવિષ્ય એક ઉમદા એકસપર્ટ ડોટકરના હાથમાં દર્દીના સગા કે દર્દી ખુદ મુકતો હોય તેવા સંજોગોમાં બેદકારી કે ગફલત ચલાવી શકાય નહિ.

ડોકટરમાં મૈત્રીભાવ, કરૂણા તથા પ્રેમ હોવો એ ભારતીય સંસ્કૃતીનું અભિન્ન અંગ ગણવામાં આવે છે તથા દર્દી માટે ડોકટરે આપેલો અભિપ્રાય પ્રમાણિક હોવો જોઈએ.

ડોકટર અને દર્દી વચ્ચેનો સબંધ બન્નેના પરસ્પરના વચનો આધારિત હોય છે અને એ કરારના કાયદાની જોગવાઈઓથી સંચાલીત થાય છે. પરસ્પરના વચનો બન્ને તરફવાળાએ કાયદામાં નિભાવવાના હોય છે. ફી ચુકવવાની પવિત્ર ફરજ દર્દીની છે અને દર્દીને સાજા કરવાની પવિત્ર ફરજ ડોકટરની છે માટે જ કાયદામાં આવા કરારને દિવાની ફરજ તરીકે નોંધેલ છે તેથી દિવાની ફરજ વ્યાજબી દરકાર લઈ બજાવવી જોઈએ પોતાની શ્રેષ્ઠ બુદ્ધિ, આવડત અને અનુભવનો તમામ નિચોડ કાળજીપૂર્વક દર્દીને સમર્પીત કરી તેને સાજો કરી આપવો એ દિવાની ફરજનો ભાગ ગણવામાં આવે છે જેમાં ચુક કે બેદરકારી થાય અને દર્દી કે તેના સગાને સહન કરવાનું આવે કે દર્દીનું ભવિષ્ય અંધકારમય બની જાય તો ડોકટરની બેદરકારી બદલ વળતર ચુકવવું એ પ્રાથમીક ફરજમાં આવે છે. દર્દીને નુકશાન કર્યા બાદ તથા મોત નિપજે તેવી હાલત તરફ ધકેલવા બદલ નાણાકિય નુકશાન સગાને કે દર્દીને ચુકવવા ડોકટર કાયદાકિય રીતે બંધાયેલા છે.

સામાન્ય વર્ગમાં તથા સમાજમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ધાર્મિક ટ્રસ્ટ તથા ખાનગી રાહત ભાવના દવાખાનામાં ઓછી ફી લઈ ડોકટર સેવાક કરે છે, દર્દીની સારવાર કરે છે. ઓછી ફી લેવાથી જવાબદારી કે ફરજમાંથી કાયદાકિય રીતે છટકી શકાતું નથી. ઓછી ફી લેઈ સારવાર કરવાનો અર્થ એમ નથી કે ડોકટર બેદરકારી, ફરજચુક કે ગફલત કરશે તો તેને કાયદામાં માફી આપવામાં આવશે બેદકારી સાબીત થયે યોગ્ય સજા થઈ શકે છે. અકસ્માતના કેસો, આપઘાતના કેસો તથા આપત્તીજનક કેસો, ગેંગ રેપના કેસમાં યોગ્ય સમયે પોલીસને જાણ કરવાની હોસ્પિટલની જવાબદારી છે.

સગર્ભા સ્ત્રીની સારવાર દરમ્યાન ડોકટર આધુનિક મશીનો દ્વારા, જુદા જુદા ટેસ્ટ દ્વારા ગર્ભમાં રહેલ બાળક ખોડખાંપણવાળુ કે મૃત હાલતમાં નથી તે ચકાસી રીપોર્ટ આપવાની કાયદાકિય તથા દાકતરી વ્યવસાયની પવિત્ર ફરજ છે જો આવા રીપોર્ટના અભાવે, યોગ્ય સારવારના અભાવે બાળક ખોડખાંપણવાળુ જન્મે તો જીવનભર બાળક અને માતા પિતા સજા ભોગવે છે. ડોકટરની આવી ગંભીર બેદરકારી, ગફલત બદલ મૃત બાળક જન્મ તો તેના માતા પિતાને અને જીવીત બાળક હોય તો તેના ભવિષ્યના ખર્ચનું નુકશાન વળતર ડોકટર અને હોસ્પિટલ પાસેથી મેળવવા હક્કદાર બને છે.

ભારતના બંધારણની કલમ ૨૨૧ મુજબ પબ્લીક ઈસ્ટટેસ્ટ લીટીગેશન લગત રાહત કેમ્પમાં આંખના ઓપરેશન દરમ્યાન દર્દીએ ડોકટરની બેદરકારી બદલ કેમ્પના આયોજકો તથા ડોકટર ઉપર આંખ ગુમાવવા બદલ વળતર મેળવવા હાઈકોર્ટના દ્વાર ખખડાવી ૧૫૧ જણાના ઓપરેશનમાં સ્ટીલાઈઝેશન અને નોન

અનુસંધાન પાના નં. ૭ પર

- **દર્દી માટે ડોકટરે આપેલો અભિપ્રાય પ્રમાણિક હોવો જોઈએ.**
- **ડોકટર અને દર્દીનો સબંધ એ કરાર આધારીત છે તેમાં ચુક થાય તો દિવાની જવાબદારી ડોકટરની થાય છે.**

આજનું અવલોકન કરી અને આવતીકાલનું આર્ષદર્શન કરાવે તેવા કોઈ વિરલાની આજે તાતી જરૂર છે

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

વિશ્વમાં એક પણ બાળક દુઃખિયારું હોય ત્યાં સુધી એકેય શોધ મહાન નથી કે એકેય પ્રગતિ અસાધારણ નથી.

- આલ્બર્ટ આઈનસ્ટાઈન

આપણે આજે દરેક ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી છે. અનેક નવી શોધ દ્વારા આપણું રોજિદું જીવન ખૂબ સુખ અને સગવડભર્યું બની ગયું છે. પરંતુ, તેમ છતાં દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરનાર કે સુખી અને સમૃદ્ધ જીવન જીવનાર વ્યક્તિ એ બાબત દૃઢપણે કહી શકે ખરો કે સમગ્ર વિશ્વનું એક પણ બાળક દુઃખી નથી જ ? આ બધા જ શોધ અને સમૃદ્ધિ હજી અધૂરી ગણાય જો આ પ્રશ્નનો જવાબ 'ના' ના હોય તો ! તો હવે આ માટે શું કરવું એ વિચાર કરીએ તો સમાજમાં કોઈ એક ચોક્કસ સ્થાન સુધી પહોંચેલી વ્યક્તિની ફરજ વિશેષ અગત્યની ગણાય. આ ઉપરાંત લેખક, પત્રકાર, અભિનેતા આ તમામની સમાજ પ્રત્યેની એક મોટી ફરજ ગણાય કે તેમણે આ દિશામાં એક મક્કમ પગલું ભરી સૌને માહિતગાર કરવા તેમજ અન્યને આ નર્કમાંથી ઉગારવા આજના અન્યાયથી આપણે એટલા માટે ટેવાઈગયા છીએ કે આપણને કાંઈ લાગતું જ નથી. પાકથી લીલાછમ્મ ખેતરોવાળી બિહારની ભૂમિમાં ખેડૂતો અને બીજા ગરીબોને સત્તુ ફાકીને રહેવું પડે છે. એકથી બીજા બદલવાના વસ્ત્રોના અભાવે બિહારની સ્ત્રીઓ નાહી નથી શકતી. ઓરિસ્સાની દશા એથીય ભૂંડી છે. અપચાથી જેમ મોંમાંથી દુર્ગંધ આવે તેમ સામાજિક અન્યાયને કારણે આપણા બધા વ્યવહારોમાં કુરુપતા દેખાય છે.

'ગરીબાઈ એ મહાદુઃખ નથી. કંટાળા ભરેલું, નીરસ અને કદરૂપું કામ કરવું પડે, એ ભારે સજારૂપ છે.'

- કાકા કાલેલકર.

આપણી આસપાસ અમુક 'ઊંચાઈ' પર પહોંચેલા વ્યક્તિઓથી આપણે એ હદે પ્રભાવિત થઈ જઈને છીએ કે તેમનામાં રહેલી નબળાઈ પણ નજરઅંદાજ કરી દઈએ છીએ. એક વ્યક્તિ તરીકેની તેનામાં આવતી મર્યાદાને આપણે સ્વીકારી શકતા જ નથી. 'કોઈ એક ક્ષેત્રની વિશેષતા કે સિદ્ધિ એ મનુષ્યનું સમગ્ર શીલ નથી.' એમ મહાન જીવનમર્મજ્ઞ સોક્રેટિસે કહ્યું છે. કોઈ વ્યક્તિ દયાવાન હોય, પરંતુ તેની દાય વેવલી પણ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ નિર્ભય હોય, યુદ્ધમાં પાછું પગલું ન ભરે, પરંતુ તેની નિર્ભયતામાં ક્રૂરતા પણ હોઈ શકે છે. કોઈના કંઠનું અસાધારણ માધુર્ય અથવા કોઈ રમતવીરનું શ્રેષ્ઠ પ્રદર્શન તેના વ્યક્તિ ને શ્રેષ્ઠ ન પણ હોય.

આપણે ત્યાં જાહેરાતોમાં અભિનેતા, રમતવીર, પ્રસિદ્ધ ગાયક તેમ દરેક ક્ષેત્રમાં ટોચ પરની હસ્તીને દર્શાવવામાં આવે છે. આવા સમયે આ એકટર કે પ્લેયરે અમુક લાખ કે કરોડ રૂપિયા માટે પોતાના દ્વારા સમાજમાં કોઈ ખોટો કે ખરાબ સંદેશ ન જ પહોંચે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ. પ્રજા તેમને તેમના કોઈ ખાસ ટેલેન્ટની કદર કરે છે તેનો તેમણે સિગારેટ, દારૂ કે તમાકુનો પ્રચાર કરીને દુરુપયોગ ન જ કરવો જોઈએ. પ્રસિદ્ધ જાદુગર કે. લાલને એકવાર ગુટખાની પડીકી રાખીને કે. લાલે માત્ર એટલું જ બોલવાનું હતું કે, 'વાહ ! મજા આ ગયા !' આ વાક્યના અને ફોટો મૂકવા દેવાના પહેલા અગિયાર લાખ, ના પાડ્યા બાદ એકવીસ અને એકાવન લાખ સુધી આપવાની ઑફર કરવામાં આવી. પરંતુ, કે. લાલે કહ્યું : 'એકવાન લાખ આપો કે કરોડો આપો, પણ હું સંમતિ નહિ આપું. મારે મારા દેશની ઊછરતી પેઢીને ઝેર નથી ખખડાવવું. મારા ખેલમાં સૌથી વધુ બાળકો અને કિશોરો હોય છે. તેઓ મારા જાદુના ખેલથી પ્રભાવિત થતા હોય છે. તેઓ મારા જાદુના ખેલથી પ્રભાવિત થતા હોય છે. હું જાહેરાતમાં દેખાઉં તો તેનાથી પણ પ્રભાવિત થાય. મારે એ નથી કરવું.'

આ જ પ્રકારની ફરજ આપણા સાહિત્યકારો, પત્રકારો અને લેખકો-કવિઓની છે. ગુજરાતના સાહિત્યકારોએ ગુજરાતનું કલુષિત વાતાવરણ દૂર કરવામાં શી રચનાત્મક ભૂમિકા ભજવી ? છેલ્લા બે દાયકાથી આપણી ભાષામાં કેટકેટલું લખાયું છે પણ એમાંથી ઉત્તમ કયું અને કેટલું ? શ્રી યશવંત દોશી લખે છે :

"એક સમય એવો હતો કે જયારે લોકચેતના પર રાખ ફરી વળી હતી. મડદાઓમાં પ્રાણ ફૂંકવાનો હતો. રાણપુર જેવા નાનકડા ગામમાં 'સૌરાષ્ટ્ર' અખબારનાં પીળચટાં પાનાં પર મેઘાણીએ કર્મચેતનાની આગ પ્રગટાવી. હા, આજે જેનો દુષ્કાળ પ્રવર્તે છે તેવી કર્મચેતનાની આગ પ્રગટાવી. હા, આજે જેનો દુષ્કાળ પ્રવર્તે છે તેવી કર્મચેતનાના મેઘાણી પ્રતિનિધિ હતા. અબોલ આદમીને વાચા આપવાનું કામ તેમણે કહ્યું. તેમણે શબ્દને સક્રિયતા સાથે જોડી આપ્યો. ગુજરાતી વાચકને માટે મેઘાણીનો શબ્દ 'અગ્નિદિવ્ય' બની ગયો. રાષ્ટ્રચેતનાના તમામ મર્મને આ પત્રકારે પ્રજા લગી પહોંચાડ્યો. ધોલેરાના સત્યાગ્રહથી માંડીને આયરલેન્ડની ઉથલપાથલ સુધીનો કોઈ વિષય તેમણે બાકાત નહોતો રાખ્યો."

આજે આપણે આવા કવિ-લેખક-પત્રકારની જરૂર છે. મેઘાણીની જેમ ગઈકાલનું સંશોધન કરી, આજનું અવલોકન કરી અને આવતીકાલનું આર્ષદર્શન કરાવે તેવા કોઈ વિરલાની આજે તાતી જરૂર છે. કયારેક શ્રીદેવીનું મૃત્યુ તો કયારેક કોઈ પતિ-પત્નીની અંગત લડાઈનું નાટક આવા કેટલાય તૂત આજકાલ છાપા તેમજ ટેલિવિઝનનો મોટા ભાગનો સમય લઈ જાય છે ત્યારે આપણે જરૂર છે થોડા વધુ સંવેદનશીલ બની સમાજની સાચી જરૂરિયાતો અને પાયાના પ્રશ્નો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવાની !

Last Seen :

એક વાતનું સતત ધ્યાન રાખવું. આપણે જયાં બેઠા હોઈએ ત્યાં ચાલતાં હાસ્ય-વિનોદ, વાતચીતની ભૂમિકા આપણી હાજરી વડે ઊંચી ચડવી જોઈએ, એ નીચે ન જવી જોઈએ. આપણી કેળવણી અને સંસ્કારિતાનું ખાસ પ્રમાણ છે.

- nehalgadhavi101@gmail.com

એનડીએમાંથી ટીડીપી ફારેગ થતાં નવા મોરચાની મથામણ

અતિતની આજ
ડૉ. હરિ દેસાઈ

ભારતીય જનતા પક્ષ(ભાજપ)નો અશ્વમેધનો ઘોડો ઈશાન ભારત સર કરીને કર્ણાટક તરફ વળે એ પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના પક્ષના પ્રમુખ અમિત શાહ માટે બે દિશામાંથી માઠા સમાચાર આવ્યા છે : હાલતૂરત સરકારને ભલે વાંધો આવે નહીં,પણ આઘાત અનુભવાય એવાં વાવડ જરૂર છે. એક, આંધ્ર પ્રદેશના સત્તારૂઢ પક્ષ અને ભાજપના જૂના સાથી પક્ષ એવા તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી) સાથે "તલાક" થઈ ગયા છે.બીજા, ઉત્તર પ્રદેશમાં ભાજપી મુખ્ય મંત્રી યોગી આદિત્યનાથ અને નાયબ મુખ્ય મંત્રી કેશવ પ્રસાદ મૌર્યના રાજીનામાથી લોકસભાની જે બંને બેઠકો ખાલી થઈ હતી, એ બંને બેઠકો સમાજવાદી પાર્ટીએ છીનવી લીધી છે. "સપા-બસપાના સ્વાર્થી અને અપવિત્ર જોડાણ"નાં ઢોલ પીટીને ભાજપની નેતાગીરી ગોરખપુર અને ફૂલપુર બેઉ લોકસભા મતવિસ્તારની પેટા ચૂંટણી હાર્યાના ગમને ભૂલવાનો પ્રયાસ કરે છે.અગાઉ બેઉ સાથે ભાજપનાં જોડાણ હતાં એ વાત અનુકૂળતાએ વીસરી જવાની કોશિશ કરવામાં આવે છે.ઓછામાં પૂરું, બિહારના રાષ્ટ્રીય જનતા દળ(આરજેડી)ના નેતા અને ક્યારેક જનસંઘ-ભાજપના સાથી રહેલા લાલુપ્રસાદ યાદવ જેલવાસી હોવા ઉપરાંત પટણામાં જનતા દળ–યુનાઈટેડ(જેડી-યુ) સાથે ભાજપે સત્તાકાજે ઘર માંડ્યું હોવા છતાં અરરિયા લોકસભા મતવિસ્તાર પર પેટા ચૂંટણીમાં ભાજપને હરાવીને આરજેડી જીતે એ ભાજપ માટે નાલેશી તો ગણાય.મહારાષ્ટ્રમાં શિવસેના ફારગતીની ગાજવીજ કરતી હતી,પણ એને સત્તા વહાલી હોવાથી હાલપૂરતું એનડીએમાં રહેવાનો યુ-ટર્ન લીધો છે.વડાપ્રધાન મોદી શિવસેનાને ઝાઝો ભાવ આપતા નથી અને હમણાં શિવસેનામાંથી કૉંગ્રેસમાં આંટો મારી આવેલા બહુચર્ચિત નારાયણ રાણેને ભાજપે રાજ્યસભામાં મોકલ્યા છે.આગામી દિવસોમાં આંધ્રના વાયએસઆર કૉંગ્રેસના જગન રેડ્ડી મોદી સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લાવે તો કૉંગ્રેસ અને ટીડીપી પણ એને ટેકો આપવાના પક્ષે છે.જોકે મોદી-વ્યૂહ ક્યારે ક્યાં બાકોરાં પાડે એ કહેવાય નહીં.આગામી લોકસભાની ચૂંટણી સુધી કેવા કેવા મોરચા રચાય છે,એ જોઇને ભાજપી મોરચાના લાભમાં સુરંગો ગોઠવવાની કવાયતો મોદી-શાહ ઘડી ચૂક્યા હશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકારમાંથી આંધ્ર પ્રદેશના તેલુગુ દેશમ્ પાર્ટી (ટીડીપી)ના બે પ્રધાનો અશોક ગજપતિ રાજુ અને સુજન ચૌધરીએ રાજીનામાં આપી દીધાં એટલે ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ) માટે માઠા દિવસો આવી રહ્યાનું માનવું એ ઉતાવળિયું આકલન ગણાશે. ભૂતકાળમાં અટલ બિહારી વાજપેયીની કેન્દ્ર સરકારને બહારથી ટેકો આપી ટીડીપીના સુપ્રીમો ચંદ્રબાબુ નાયડુએ આંધ્ર માટે સૌથી વધુ આર્થિક સાધનોની ફાળવણી મેળવી હતી. મોદીયુગમાં એવી ધાક બેસાડવા જતાં નાયડુ માટે ભોંય ભૂલવાના સંજોગો આવી પડવાનાં એંધાણ છે.આંધ્ર પ્રદેશમાંથી વર્ષ ૨૦૧૪માં બે રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં : તેલંગણ અને આંધ્ર પ્રદેશ. રાજધાની હૈદરાબાદ સહિતના દસ જિલ્લા તેલંગણને ફાળે જતાં આંધ્રની નવી રાજધાની અમરાવતી બંધાય ત્યાં લગી હૈદરાબાદમાં બેઉ રાજ્યો સહકારથી રહેશે. રાજ્યોના વિભાજન પછી તેલંગણમાં કે.સી.આર. એટલે કે ચંદ્રશેખર રાવની તેલંગણ રાષ્ટ્ર સમિતિની બહુમતી સાથેની સરકાર બની હતી. આંધ્રમાં તેલુગુ દેશમ્ પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી મિત્ર-ગઠબંધનથી સરકારમાં આવ્યાં હતાં. રાજ્યના વિભાજનને કારણે આંધ્ર પ્રદેશને ભારે આર્થિક નુકસાન થયું હોવાને કારણે એ ભરપાઈ કરવા માટે કેન્દ્ર સરકારે ૪૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છતાં ટીડીપી અને ભાજપની સંયુક્ત સરકારના મુખ્ય પ્રધાન અને ટીડીપીના સુપ્રીમો ચંદ્રબાબુ નાયડુએ રાજ્યને વિશેષ દરજ્જો અપાય એવો આગ્રહ સેવ્યો હતો.

- **જૂના સાથી ટીડીપીના ભાજપ સાથે તલાક પછી આંધ્ર પ્રદેશમાં ભાજપ વધુ મજબૂત થવાના વેતમાં**
- **ઉત્તર પ્રદેશમાં બે લોકસભા બેઠક હાર્યા પછી ભગવી પાર્ટીનો સન્નિપાત વધવો સ્વાભાવિક જ લેખાય**
- **રાહુલ ગાંધી વિપક્ષી એકતાને મજબૂત કરવા માટે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લેવાની તૈયારીમાં**
- **૨૦૧૯ આવતાં લગી તો બદલાતાં રાજકીય સમીકરણોમાં દેડકાની પાંચશેરી જેવા સંજોગોનાં દર્શન**

કેન્દ્ર સરકારનો તર્ક એ હતો કે ૧૪મા નાણાં પંચની ભલામણો અમલી બન્યા પછી 'સ્પેશ્યલ સ્ટેટસ કેટેગરી'માં આંધ્રને મૂકવામાં આવે તો અન્ય રાજ્યો પણ એ માટેની માગણી કરે અને વિકટ સ્થિતિ ઊભી થઈ શકે. નાણાં પ્રધાન અરુણ જેટલીએ તો નાયુડની માગણી વિશે સંરક્ષણ ખાતાના બજેટને કાપીને આંધ્રને વિશેષ આર્થિક રાહત આપી ના શકાય એવું નિવેદન કરીને વિજયનો મધપૂડો છંછેડ્યો છે. બે પ્રધાનોનાં રાજીનામાંની આંધ્રના રાજકારણમાં કેવી અસર પડશે, એ વિશેના તર્કવિતર્ક છતાં ભાજપ ગજગામી છે.

તેલુગુ દેશમ્ પાર્ટીના બે પ્રધાનોનાં કેન્દ્ર સરકારમાંથી રાજીનામાંના પ્રત્યાઘાત તરીકે આંધ્ર સરકારમાંથી ભાજપના બે પ્રધાનોએ રાજીનામાં આપ્યાં. તેલુગુ દેશમ્ પાર્ટી ૧૭૫ સભ્યોની આંધ્રની વિધાનસભામાં ૧૦૨ સભ્યો ધરાવે છે એટલે એની સરકારને ભાજપ સાથે છૂટાછેડા થાય તો પણ વાંધો આવે તેમ નથી. એવું જ કેન્દ્રની મોદી સરકારનું પણ છે. લોકસભામાં ટીડીપીના ૧૬ સાંસદો છે. ભાજપના ૨૭૩ સભ્યો છે. ૫૪૩ સભ્યોની લોકસભામાં (નામનિયુક્ત એંગ્લો ઈન્ડિયન એવા બે સભ્યો સિવાય) ભાજપની સ્પષ્ટ બહુમતી હોવાથી એની સરકારને વાંધો આવે નહીં. નાયડુએ સમજીને એનડીએમાંથી નીકળી જવાનો નિર્ણય પાછો ઠેલ્યો હતો. કેન્દ્રમાં સત્તારૂ